
સોનેરી શબ્દો.

કીંમત આના એક.



ઈશ્વરની કૃપા કષ્ટનિવારણાર્થે
મેળવવા હંમેશ પ્રયત્ન
કરવો.

અતિ લોભ પાપનું મૂળ.

આળસ મનુષ્યોનો સૌથી
કટ્ટો શત્રુ છે.

ઐશ્વર્ય પ્રાપ્તિ માટે પવિત્રતા
રાખવી જોઈએ.

કપટથી કોઈને યશ મળ્યો હોય એમ સાંભળ્યું નથી.

કુટુંબસુખની પરિસિમાં રંક
અવસ્થામાંજ ભોગવાય છે.

જગમાં જન્મી મોજ માણવી
એ જીવનનો હેતુ નથી.

ગરીબાઈ સદ્ગુણ વિકાસની
સ્થિતિ છે.

પ્રભુની ઈચ્છાને અધીન થવું
એ મોટું ડહાપણ છે.

સંપતિ વિપતિમાં સમાન
મન રાખવું એ મહા
પુરૂષનું લક્ષણ છે.

શરીરની શોભા સુવર્ણ નથી
પણ સદ્ગુણ છે.

પઢી અને પૈસો પ્રમાણિકને
મળે છે.

બળીઆ સાથે બાથ ન
ભરીએ કુટુંબ કલહ
નવ કરીએજ.

તન્દુરસ્તી જાળવવા માટે
રાત્રે વહેલા સુવું અને
સવારે વહેલા ઉઠવું.

જ્યાં દુર્ગુણ વાસો કરે ત્યાં
પડતી પાસે છે એમ
સમજવું.

જીંદગી એક નિશાળ છે,
અગત્યનાં પાઠો અહિં
શીખાય છે.

માતાપિતા ગુરૂ અને બીજા
વડીલ તરફ માન બતાવો.

રાજ્યકર્તા તરફ વફાદારી અને
ભક્તિભાવ રાખવો જોઈએ.

અશુદ્ધ વિચાર અશુદ્ધ
કામ કરાવે છે.

સ્વસહાય-જાત મહેનત
ફતેહની કુંચી છે.

આ પુસ્તક સુરત ગોપીપુરા લીમડીકુઇના રહેનાર ચંદ્રવદન ઈશ્વરલાલ ખાનસાહેબે છપાવી ત્યાંથીજ
પ્રસિદ્ધ કર્યું અને પ્રભુશંકર નરભેરામ વ્યાસે ખુ. અનો ધી સુરત જૈન અનજીન પ્રીન્ટીગ
પ્રેસમાં છાપ્યું ઠે૦ ખપાટીઆ ચકલા—સુરત.

"બાળકોને બે બોલ"

પ્રાથમિક શાળાઓમાં ભણતાં છોકરાંઓ માટે

નૈતિક શીખામણોનો સંગ્રહ

કર્તા

ચંદ્રવદન ઇશ્વરલાલ ખાનસાહેબ

કીંમત આના ત્રણ.